# રાજ્યમાં સ્વાઈન ફ્લુનો આતંક પરાકાષ્ટાએ

## ગુજરાતમાં સ્વાઇન ફ્લુના નવા ૧૫૯ કેસ સપાટી : ૧૦ના મોત : સ્વાઈન ફ્લુના આતંક વચ્ચે મોતનો આંકડો વધીને ૧૦૮ થયો : ગુજરાતભરમાં કેસોની સંખ્યા વધીને ૧૦૭૫ થઇ : મુખ્ય સચિવના નેતૃત્વમાં વિડિયો કોન્ફરન્સ : ૧૭ લાખથી વધુ લોકોનો સર્વે કરવામાં આવી ચુક્યો છે

અમદાવાદ, તા. ૧૧

ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો આતંક અવિરતપણે જારી રહ્યો છે. આજે રાજ્યભરમાં વધુ ૧૫૯ કેસો સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો હતો. બીજી બાજુ વધુ ૧૦ લોકોના મોત આજે નોંધાયા હતા જેથી મોતનો આંકડો ચિંતાજનકરીતે વધીને ૧૦૮ ઉપર પહોંચ્યો હતો જ્યારે કુલ કેસોની સંખ્યા ૧૦૦૦થી પણ ઉપર પહોંચીને ૧૦૭૫ સુધી પહોંચી છે. આજે સ્વાઈન ફ્લુના આતંક વચ્ચે મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને વિડિયો કોન્ફરન્સનું આયોજન કરાયું હતું જેમાં તમામ જિલ્લાના કલેક્ટરોને સર્વેની કામગીરી વધુ સઘન બનાવવા જરૂરી સૂચના આપવામાં આવી હતી. તમામ કલેક્ટરો તથા ડીડીઓ, મ્યુનિસિપલ કમિશનરો, આરોગ્ય અધિકારીઓ સાથે આ બેઠક યોજાઈ હતી.

આજે સ્વાઈન ફલુમાં જે વિસ્તારમાં નવા કેસો નોંધાયા હતા તેમાં કચ્છમાં ૨૧, અમદાવાદમાં ૫૩, વડોદરામાં ૨૧, સુરતમાં ૨૪નો સમાવેશ થાય છે. અન્ય ઘણા વિસ્તારોમાં પણ સ્વાઈન ફ્લુના કેસો સપાટી ઉપર આવ્યા હતા. જેથી તંત્રમાં દહેશત અને દોડધામ યથાવત રહી હતી. સત્તાવાર આંકડા મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી હજુ સુધી સ્વાઈન ફ્લુના ૧૦૭૫ કેસો નોંધાઈ ચુક્યા છે જે પૈકી મૃત્યુઆંક આજે વધીને ૧૦૮ પર પહોંચ્યો હતો. સ્વાઈન ફ્લુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ વધુ વકર્યો છે. આજે વધુ ૧૦ લોકોના સ્વાઈન ફ્લુના કારણે મોત થયા હતા. જ્યારે સ્વાઈન ફ્લુના નવા ૧૫૯ કેસો નોંધાયા છે. જેથી કેસોની સંખ્યા વધીને ૧૦૭૫ સુધી પહોંચી ગઈ હતી. સ્વાઈન ફ્લુ રોગને રોકવા માટે તંત્ર સજ્જ હોવા છતાં આ રોગ બેકાબૂ બનેલો છે, મોતનો આંકડો વધી રહ્યો છે. સ્વાઈન ફ્લુને લઈને અલગ શહેરોમાં હોસ્પિટલની ખાસ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૨૯ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સુખની ઇચ્છા રાખનારાએ વિદ્યાની અને વિદ્યાની ઇચ્છા રાખનારે સુખની આશા છોડવી જોઇએ

- સુભાષિત

# જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ

## વધુ ૪ મહિલા દર્દી નોંધાયા : મુખ્ય સચિવે વિડીયો કોન્ફરન્સ કરી રોગચાળાની સમીક્ષા કરી



(સ્વાઇન ફ્લુની પ્રતિકાત્મક તસવીર)

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુ વધુ ને વધુ વિસ્તરતો જ જઈ રહ્યો છે અને આરોગ્યતંત્ર સંપૂર્ણ લાચાર સ્થિતિમાં આવી ગયુ છે. જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુના વધુ ૪ પોઝીટીવ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા ૪ કેસ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૮ પર પહોંચી છે. આજે નોંધાયેલ કેસોમાં ૩ મહિલા દર્દી છે. જ્યારે સીઆરપીએફથી વધુ એક સ્વાઈન ફ્લુનો કેસ મળી આવેલ છે જે ચાર વર્ષની બાળકી છે.

આ ચાર વર્ષની દિકરીને ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેર નજીક આવેલ સરગાસણ ચોકડી પાસેથી એક ૬૧ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેઓ હાલ વેન્ટીલેટર પર હોવાનું જાણવા મળેલ છે.

જાખોરા અને સાણોદામાંથી પણ બે મહિલા દર્દીઓને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું જણાયેલ છે. આ બન્ને મહિલા દર્દીને પણ ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે બે દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં નવ દર્દીઓ આ રોગમાં સંપૂર્ણ સાજા થઈ જવા પામ્યા છે.હાલ જિલ્લામાં ૧૬ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં બે દર્દીઓ વેન્ટીલેટર પર છે જ્યારે અન્ય દર્દીઓની સ્થિતિ સારી અને સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન રાજ્યના મુખ્ય સચિવ શ્રી પાંડિયને આજે જિલ્લાના અધિકારીઓ સાથે એક વિસ્તૃત વિડીયો કોન્ફરન્સ યોજી અને સ્વાઈન ફ્લુના રોગચાળાની સમીક્ષા કરી હતી. રાજ્યમાં ૧૭ લાખ જેટલા લોકોને આરોગ્યતંત્ર દ્વારા સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે આજે સર્વેલન્સની કામગીરી સઘન બનાવવા પર ભાર મુક્યો છે તેમજ લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યુ છે.

રાજ્યમાં અત્યાર સુધી ૧૦૮ વ્યક્તિઓના આ રોગચાળામાં મોત થયા છે, જ્યારે ૧૦૦૦ થી વધુ વ્યક્તિઓને જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. હાલ રાજ્યમાં ૬૦૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.



તડબૂચ - ઉનાળાનો આરંભ તડબૂચના આગમનથી અનુભવાય છે... ગરમીથી બચવા લોકભોગ્ય ફળ એટલે તડબૂચ.... સસ્તુ, સાત્વિક અને આરોગ્યપ્રદ તડબૂચના અનેક ફાયદા આપણા તબીબી વિજ્ઞાનમાં દર્શાવાયા છે... શહેરમાં ચોરે ને ચૌટે તડબૂચના ઢગલા આજકાલ જોવા મળે છે... સાબરમતીને કિનારે ખાસ કરી કાંઠાના વિસ્તારોમાં તડબૂચની ખેતી મોટા પાયા પર થાય છે... આગામી ત્રણ મહિના સુધી તડબૂચનો વેપાર ધમધોકાર ચાલશે... આવો, ગરમીને આવકારવા તડબૂચને દૈનિક જીવનશૈલીમાં અપનાવી લઈએ... અને વ્યક્તિગત જીવનથી લઈ સામાજીક સ્વાસ્થ્યની તંદુરસ્તી માટે તડબૂચને નિમિત્ત બનાવીએ... (તસવીર : કશ્યપ નિમાવત)

## સ્વાઈન ફ્લુ અંગે ૧૪મીએ સેટકોમથી જનજાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૪મી ફેબ્રુઆરીએ સ્વાઈન ફ્લુ અંગે જનજાગૃતિ અભિયાન અંતર્ગત સવારે ૯.૦૦થી ૧.૦૦ દરમ્યાન સેટકોમથી લોકોને બચી કેવી રીતે શકાય તેની સમજ આપવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે અને દોઢ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૪૧૦ જેટલી વ્યક્તીઓને શ્વસનતંત્રનો ચેપ હોવાનું જણાઈ આવેલ છે.

૧૪મી ફેબ્રુઆરીએ જ દરેક ગામની આંગણવાડીમાં બાળકો તેમજ મહિલાઓના આરોગ્યની ચકાસણી પણ કરવાનું આયોજન છે.

આ પછી ૧૯મીએ પુન: બધાની આરોગ્ય તપાસણી માટેનું અભિયાન હાથ ધરવાનું આયોજન થઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૮ પોઝીટીવ કેસ નોંધાયા છે અને તંત્ર દ્વારા જનજાગૃતિ અભિયાનના જુદા જુદા કાર્યક્રમોહાથ ધરવામાં આવ્યા છે.



રેલવે દ્વારા ડિઝલ એરકન્ડીશનર અને હિટર એન્જિન કેબિન તૈયાર કરવામાં આવ્યું છે જેને ભીમ નામ અપાયું છે.

# કર્મચારીઓના પડતર પ્રશ્નો સંદર્ભે યોજાયેલ બેઠક અનિર્ણિત

ગાંધીનગર, તા. ૧૧

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે મંડળોના આગેવાનો અને સરકારના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી મંત્રણા બેઠક કોઈ પણ નિર્ણય વગર જ પૂર્ણ થઈ હતી. હવે નિર્ણાયક બેઠક આગામી ૨૭મી ફેબ્રુઆરીએ મળનારી બેઠકમાં નિર્ણય લઈ જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કર્મચારી મંડળોના આગેવાનો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં કર્મચારી મંડળો દ્વારા આંદોલન છેડવામાં આવ્યું હતું. જેના પગલે સરકાર સાથે ભૂતકાળમાં યોજાયેલી મંત્રણા બેઠકમાં સરકારે પ્રશ્નો ઉકેલવા ખાતરી આપતા આંદોલન મોકુફ રાખવામાં આવ્યુંહતું.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજે કર્મચારી મંડળોના આગેવાનોની રાજ્યના મુખ્ય સચિવ અને અન્ય અધિકારીઓ સાથે મંત્રણા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કર્મચારી મંડળો દ્વારા ૬ઠ્ઠા પગારપંચના બાકી લાભો આપવા નિવૃત્તી વયમર્યાદા વધારી ૬૦ વર્ષ કરવા સહીતના પડતર પ્રશ્નો અંગે રજુઆતો કરવામાં આવી હતી.

મંડળોની રજુઆતો સાંભળ્યા બાદ સરકારે આ અંગેનો એક અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકાર સમક્ષ રજુ કરવા અને આગામી ૨૭મી ફેબ્રુઆરીએ મંત્રીઓની કમીટી સાથે બેઠક યોજીને કર્મચારીઓના પડતર પ્રશ્નોને ઉકેલવા અંગેનો નિર્ણય લેવા માટેનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજની બેઠકમાં જે કર્મચારીઓ ત્રીપલ સીસીની પરીક્ષા પાસ કરી ન હોય તો તેમને રીવઝન આપવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે તે નિર્ણયને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અને આગામી એક બે દિવસમાં આ અંગેના ઠરાવો કરવામાં આવનાર હોવાનુ જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે મળેલી મંત્રણા બેઠકમાં માત્ર કર્મચારી મંડળો દ્વારા રજુ કરવામાં આવેલ પડતર પ્રશ્નો અંગે રજુઆતો સાંભળીને ચર્ચા વિચારણા જ કરવામાં આવી હતી. આ પડતર પ્રશ્નો પૈકીના કેટલાક પ્રશ્નોનો ઉકેલ લાવવો એ અંગેનો નિર્ણય આગામી ૨૭મી ફેબ્રુઆરીના રોજ મળનારી બેઠકમાં લેવામાં આવશે.

# આધારકાર્ડ એપ્રિલ સુધીમાં આપી દેવા સરકારની તાકીદ

## જિલ્લામાં ૬૨ ટકા કામગીરી થઈ છે : કેમ્પ મોડ પર કામગીરી કરવાની સૂચનાઓ અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં એપ્રિલ-૨૦૧૫ સુધીમાં તમામ વ્યક્તીઓને આધારકાર્ડ આપી દેવાય તે રીતે કામગીરી કરવા તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાઓમાં આધારકાર્ડ આપવાની કામગીરીને કેમ્પ મોડ પર હાથ ધરવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપી તાકીદ કરી છે. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા આધારકાર્ડ માટે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે અત્યાર સુધીમાં ૬૨ ટકા જેટલી કામગીરી થઈ છે. જો કે છેલ્લા ઘણા સમયથી કીટોના અભાવે આ કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જે કીટો અને કામગીરી ચાલે છે તે પણ ધીમી ગતિએ ચાલતી હોવાથી કાર્ડ માટે આવતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં લગભગ ૪૦ટકા-૪૦ટકા કામગીરી થઈ છે.

રાજ્ય સરકારના આયોજન પ્રભાગે શાળાઓ, મહાશાળાઓ તેમજ અન્ય જાહેર સ્થાનો પર આ કામગીરી અંગે કેમ્પ મોડ હાથ ધરવા તાકીદ કરી છે.

જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૩,૯૧,૭૫૩ વસ્તી નોંધાયેલ છે. જે પૈકી ૮,૬૯,૨૭૭ વ્યક્તીઓને હાલ આધાર કાર્ડની કામગીરીથી આવરી લેવામાં આવેલ છે. પાંચ લાખથી વધુ લોકો હજુ વંચિત છે.

જિલ્લાતંત્ર પણ આ કામગીરી કેમ્પ મોડથી હાથ ધરવા માટે શિક્ષણ વિભાગ સાથે તેમજ પંચાયત સાથે સંયુક્ત બેઠક આગામી સપ્તાહમાં યોજશે તેમ મનાઈ રહ્યું છે.

એપ્રિલ-૨૦૧૫ સુધીમાં જિલ્લાની દરેક વ્યક્તીને ઓળખ કાર્ડ આપી દેવાનો લક્ષ્યાંક નિયત કરાયો હોવાનું જાણવા મળેલ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

Roman Valley
રોમન વેલી
2 BHK ફ્લેટ
ફુલ્લી રેડી પઝેશન
૧૨.૫૦ લાખથી શરૂ...
NA NOC - TITLE CLEAR
Bank Loan Available
M: 98255 76583

We will make your special moments alive
Wedding Photography & Video
Graphics & 2D-3D Animation
Live Video Coverage
Documentary Film
Ad Film
LED Wall Screen
VINAYAK Video Films
Contact No. : 98248 28169

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...
bansari
week-end home
Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

સ્પેશ્યલ ઓફર
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)